### સંતરામપુર પાસે રાજસ્થાન-ગુજરાત બોર્ડર પર ધારાસભ્ય જયકૃષ્ણ પટેલનો મધરાતે દરોડો

# ભંમરી ચેકપોસ્ટ પર દારૂની હેરાફેરીનો પર્દાફાશ

**ભંમરી ચેકપોસ્ટ** પર ધારાસભ્યની સતર્કતાથી દારૂનો જથ્થો પકડાયો



(પ્રતિનિધિ) સંતરામપુર તા.24

સંતરામપુરને અડીને આવેલી રાજસ્થાન-ગુજરાત સરહદ પર પોલીસ પ્રશાસનની નાક નીચે ધમધમતા દારૂના ગેરકાયદેસર વેપારનો ભારત આદિવાસી પાર્ટીના ધારાસભ્ય જયકૃષ્ણ પટેલની સતર્કતાને કારણે પર્દાફાશ થયો છે. મધરાતે આદરેલી આ કાર્યવાહીએ પોલીસ વહીવટીતંત્રમાં ફફડાટ ફેલાવી દીધો છે અને સરહદી ચેકપોસ્ટોની સુરક્ષા વ્યવસ્થાના લીરેલીરા ઉડાડી દીધા છે.

રાજસ્થાનના બગીડોરા ધારાસભ્ય જયકૃષ્ણ પટેલને સરહદ પરથી મોટા પાયે દારૂની હેરાફેરી થવાની ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે તેમણે પોતે તપાસ કરી અને સંતરામપુરને અડીને આવેલી ભંમરી ચેકપોસ્ટ પર દરોડો પાડ્યો હતો. 23મી એપ્રિલના રોજ મોડી રાત્રે અંદાજે 3 વાગ્યે કરવામાં આવેલી આ કાર્યવાહીમાં અંગ્રેજી દારૂનો વિશાળ જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો.

આ અંગે ધારાસભ્ય જયકૃષ્ણ પટેલે સીધો આક્ષેપ કર્યો છે કે પોલીસ અને વહીવટીતંત્રની મિલીભગતથી જ આ ગેરકાયદેસર વેપાર ફૂલ્યો-ફાલ્યો છે. પોલીસની કથિત સાંઠગાંઠને કારણે જ બુટલેગરોના હોંસલા બુલંદ થયા હોવાનું તેમણે જણાવ્યું હતું. નવાઈની વાત તો એ છે કે દારૂનો જથ્થો ઝડપાયા બાદ પણ પોલીસ દ્વારા ગુનો નોંધવામાં ભારે વિલંબ કરવામાં આવ્યો હતો અને માહિતી આપવામાં આખ આડાકાન કરવામાં આવ્યા હતા.


### ચૂંટણી ટાણે મતદારોને રિઝવવાનો ખેલ?

રાજ્યમાં અત્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો માહોલ છે અને મતદાનને હવે ગણતરીના કલાકો જ બાકી છે, ત્યારે મધરાતે ઝડપાયેલો આ દારૂનો જથ્થો ચૂંટણી સંદર્ભે મંગાવાયો હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે. શું આ દારૂ મતદારોને વહેંચવા માટે હતો? આ જથ્થો કોણે મંગાવ્યો હતો? તે દિશામાં નિષ્પક્ષ તપાસ થાય તેવી લોક માંગ ઉઠી છે.

### પોલીસે 58 .81 લાખનો વિદેશી દારૂ જપ્ત કર્યો

સંતરામપુરના માનગઢ ભમરી રોડ પર પોલીસ ચેકિંગ દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થતી આઈસર ટ્રકને રોકી પોલીસે ખાસ ઓપરેશન હાથ ધર્યું હતું. ટ્રકની તલાસી લેતા તેમાંથી દારૂ અને બિયરના કુલ 17,090 નંગ મળી આવ્યા હતા, જેની કિંમત 43.78 લાખથી વધુ થાય છે. આથી, પોલીસે 15 લાખની ટ્રક અને મોબાઈલ સહિત કુલ 58.81 લાખનો મુદ્દામાલ જપ્ત કરી ચાલક પ્રથમેશ્વર પરમારની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી હતી. આ મામલે પોલીસે પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી દારૂનો આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો તે અંગે વધુ તપાસ તેજ કરી છે

### કપડવંજના અંતિસર દરવાજા પાસે 4 દુકાનોમાં ભીષણ આગ લાગી



કપડવંજના અંતિસર દરવાજા વિસ્તારમાં આવેલી ત્રણ મિસ્ત્રી અને એક લુહારની લાકડાની ચાર દુકાનોમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ઘટનાની જાણ થતાં જ કપડવંજ ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. આ ભયાનક આગમાં દુકાનોમાં રહેલો માલસામાન બળીને ખાખ થઈ ગયો છે. લાકડાની આ દુકાનોમાં આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી, પરંતુ આ દુર્ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો.

- હરિશ જોષી

# સંતરામપુર : ત્યજી દેવાયેલી નવજાત બાળકી મળી આવી

**પાદેડી અડોર** ગામના પુલ નીચે બાળકીને થેલીમાં વીંટાળી ત્યજી દીધી હતી

(પ્રતિનિધિ) સંતરામપુર તા.24

સંતરામપુર તાલુકાના પાદેડી અડોર ગામે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં એક પાષાણ હૃદયની માતા પોતાની નવજાત બાળકીને કાપડની થેલીમાં વીંટાળી, પુલ નીચે જીવતી હાલતમાં તરછોડીને ફરાર થઈ ગઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, 1લી એપ્રિલ 2026ના રોજ સવારે પાદેડી અડોર ગામના રહીશ લક્ષ્મણભાઈ રૂપાભાઈ ડામોર જ્યારે દૂધની ડેરીએથી પરત ફરી રહ્યા હતા, ત્યારે ફળવા ગામ તરફ જતા રસ્તા પર આવેલા પુલ પાસે લોકોનું ટોળું જોવા મળ્યું હતું. પુલ નીચેથી કોઈ બાળકના રડવાનો અવાજ આવતા લક્ષ્મણભાઈએ નીચે જઈને તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન તેમને એક કાપડની થેલીમાં વીંટાળેલી નવજાત બાળકી મળી આવી હતી, જેના માથાના ભાગે લાલ રંગનું નિશાન હતું.

આસપાસના બાળકીના વાલીવારસની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન લાગતા, લક્ષ્મણભાઈએ માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. તેઓએ ગામના સરપંચની મદદ લઈને બાળકીને સંતરામપુર સરકારી હોસ્પિટલમાં ખસેડી હતી.

આ ઘટનાની જાણ થતા જ સંતરામપુર પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. નવજાત બાળકીને અસહાય હાલતમાં મોતને મોંમાં ધકેલીને ફરાર થઈ જનાર અજાણી મહિલા વિરુદ્ધ પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

### નડિયાદ પાલિકામાં દસ જેટલા પ્રમુખો એક એક વર્ષ માટે સત્તા ભોગવી

# અપક્ષોના 'કિંગમેકર' યુગથી ભાજપના શાસન સુધીની સફર

**દાયકાઓ સુધી** ચાલેલી રાજકીય અસ્થિરતા અને 15 દિવસના પ્રમુખના દૌર બાદ 2008માં સ્થિરતાનો ઉદય થયો



(પ્રતિનિધિ) નડિયાદ, તા.23

નડિયાદ નગરપાલિકામાં દાયકાઓ સુધી અપક્ષોનો દબદબો રહ્યો હતો અને કિંગમેકરની ભૂમિકા ભજવી અનેક પ્રમુખોને સત્તા પર બેસાડ્યા અને ઉથલાવ્યા હતા. સ્થાનિક રાજકારણમાં અસ્થિરતાના તે સમયગાળામાં અનેક નેતાઓએ માત્ર ટૂંકી મુદત માટે પ્રમુખ પદ સંભાળ્યુ હતુ. જોકે 2008માં ભાજપે બહુમતી મેળવી નડિયાદના રાજકારણમાં એકહથ્થુ શાસનની નવી શરૂઆત કરી હતી.

નડિયાદ નગરપાલિકાના રાજકીય ઈતિહાસ પર નજર કરીએ તો શરૂઆતના વર્ષોમાં કોંગ્રેસનો દબદબો જોવા મળતો હતો અને 1885 પહેલા તેમજ તે પછી 1987માં કોંગ્રેસે લાંબા સમય સુધી સત્તા ભોગવી હતી. સમય જતા સ્થાનિક રાજકારણમાં પરિવર્તન આવ્યુ અને અપક્ષોનું વર્ચસ્વ વધવા લાગ્યુ હતુ. આ સમયગાળામાં અપક્ષોના ટેકાથી 10 જેટલા પ્રમુખો સત્તાના શિખરે પહોંચ્યા હતા. સ્થાનિક સ્તરે કોઈ એક પક્ષનું સ્પષ્ટ બહુમતીવાળું શાસન ન હોવાથી રાજકીય અસ્થિરતાનો માહોલ જોવા મળતો હતો અને તેના કારણે પ્રમુખોની ખુરશી સતત ડગમગતી રહેતી હતી. હીનાબેન રાજુભાઈ ચૌહાણ, સંજય ભાસ્કર દેસાઈ, જ્યોત્સનાબેન ચિત્તરંજન બ્રહ્મભટ્ટ તેમજ પંકજ વિનુભાઈ દેસાઈ જેવા નેતાઓ માત્ર એક એક વર્ષ માટે નગરપાલિકાના પ્રમુખ પદે બિરાજમાન રહ્યા હતા. પંકજ વિનુભાઈ દેસાઈ અપક્ષ તરીકે જ એક વર્ષ માટે પ્રમુખ બન્યા હતા અને 1999 થી 2000 ના સમયગાળામાં દિલીપ રમણિક શાહ પણ માત્ર એક વર્ષ માટે પ્રમુખ પદે રહ્યા હતા.

નડિયાદ પાલિકામાં સત્તા માટેની ખેંચતાણ એટલી હદે હતી કે અપક્ષો ધારે તેને પ્રમુખ બનાવતા અને ધારે ત્યારે તેમને પદ પરથી ઉતારી દેતા હતા. આ રાજકીય કાવાદાવાના પરિણામે નડિયાદમાં અવિશ્વાસની દરખાસ્તો પણ જોવા મળી હતી. 2001માં પ્રમુખ પદે રહેલા દુર્ગાબેન જેસ્વાણી સામે વિપક્ષ અને અપક્ષોએ ભેગા મળીને અવિશ્વાસનો પ્રસ્તાવ લાવી તેમને હોદ્દા પરથી દૂર કરી દીધા હતા. આ ઘટના બાદ રાજકીય ગરમાવો વધ્યો અને મહેશ ડી પટેલ ઉર્ફે મહેશ બારદનવાલા માત્ર 15 દિવસ માટે પ્રમુખ બન્યા હતા.

ટૂંકા ગાળાના શાસન બાદ નગરપાલિકામાં વહીવટદારનું શાસન લાદી દેવાની નોબત આવી હતી. વહીવટદારના શાસન બાદ પણ અસ્થિરતાનો દોર ચાલુ રહ્યો અને 2001 થી 2002 દરમિયાન એનસીપીના વર્ષાબેન આર પટેલ અપક્ષોના ટેકાથી ચૂંટાઈ આવ્યા અને માત્ર 10 મહિના માટે પ્રમુખ પદ સંભાળી શક્યા હતા.

### 2008માં અપક્ષોના રાજકારણનો અંત થયો

રાજકીય સમીકરણોમાં સતત થતા ફેરફારો વચ્ચે 2005 થી 2008 દરમિયાન કુમાર મેઘરાજ અપક્ષોના ટેકાથી નગરપાલિકાના પ્રમુખ બન્યા હતા અને તેઓ નડિયાદમાં અપક્ષોના ટેકાથી બનનારા છેલ્લા પ્રમુખોમાંના એક હતા. આ સમયગાળા પછી નડિયાદના રાજકારણમાં એક મોટો વળાંક આવ્યો હતો. દાયકાઓ સુધી ચાલતી રાજકીય અસ્થિરતા અને પ્રમુખોની સતત થતી બદલીઓનો અંત 2008માં આવ્યો હતો.

### 2008માં ભાજપે પ્રથમ પ્રમુખ બેસાડ્યા

2008માં ભારતીય જનતા પાર્ટીએ નડિયાદ નગરપાલિકાની ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી હાંસલ કરી અને દિપલબેન અમિતભાઈ પટેલને પ્રમુખ તરીકે સત્તાના સૂત્રો સોંપ્યા હતા. આ સાથે જ નડિયાદ નગરપાલિકામાં લાંબા સમયથી ચાલતા અપક્ષોના શાસન અને અસ્થિરતાના યુગનો અંત આવ્યો અને ભાજપના શાસનની મજબૂત શરૂઆત થઈ હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજમાં ટેબલ ટેનિસ દિવસ અને આઈટીટીએફ શતાબ્દીની ઉજવણી કરાઇ




**કપડવંજ** | કપડવંજમાં આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ ફેડરેશનના 100 વર્ષ પૂર્ણ થવાની અને વિશ્વ ટેબલ ટેનિસ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આરોગ્ય અને સુખાકારી થીમ હેઠળ આયોજિત આ વૈશ્વિક કાર્યક્રમમાં ITTF પ્રમુખ પેટ્રા શોરલીન્ગ અને ભારતીય સ્ટાર ખેલાડી શરથ કમલ સહિતના અનેક અગ્રણી પ્રતિનિધિઓ જોડાયા હતા. દાણી કોલેજ ખાતે યોજાયેલ આ બે દિવસીય ઉત્સવમાં બાળકો, યુવાનો અને દિવ્યાંગો સહિત 400 જેટલા લોકોએ ભાગ લઈ ટેબલ ટેનિસ દ્વારા એકતાનો સંદેશ ફેલાવ્યો હતો.

### કપડવંજમાં રઘુનાથજી મંદિરનો ત્રિદિવસીય પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો



**કપડવંજ** | મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ પંચ અને મહિલા સમાજ દ્વારા કપડવંજમાં રઘુનાથજી મંદિરના ત્રિદિવસીય પાટોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં આદ્ય શંકરાચાર્ય જયંતિ નિમિત્તે ગુરુ પૂજન, વિષ્ણુ સહસ્ત્ર પાઠ, રામધૂન અને પ્રભાત ફેરી જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. સ્વ. વાડીલાલ ગણપતરાય ભટ્ટ પરિવારના યજમાનપદે યોજાયેલા આ ઉત્સવમાં સ્નપન અભિષેક અને યજ્ઞની પૂર્ણાહુતિ સાથે મહાપ્રસાદીનું પણ આયોજન કરાયું હતું. જ્ઞાતિ પંચ અને મહિલા સમાજના હોદ્દેદારોના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર પાટોત્સવ ભક્તિમય વાતાવરણમાં સંપન્ન થયો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજ એસટી ડેપો ખાતે નિ:શુલ્ક મેડિકલ કેમ્પમાં 220 કર્મચારીઓની તપાસ કરાઈ



**કપડવંજ** | કપડવંજ એસટી ડેપો ખાતે નરોડાની ફિનિક્સ મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ દ્વારા બે દિવસીય ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં નિષ્ણાત ડોક્ટરોની ટીમ દ્વારા ડેપોના આશરે 220 જેટલા કર્મચારીઓના બીપી, બ્લડ સુગર અને ઇસીજી જેવા વિવિધ ટેસ્ટ કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમિયાન સિનિયર લેબર ઓફિસર અને વહીવટી અધિકારીએ રૂબરૂ મુલાકાત લીધી હતી અને મોટી સંખ્યામાં કર્મચારીઓએ આ સેવાનો લાભ લીધો હતો. આ કેમ્પના સફળ સમાપન બાદ ડેપો મેનેજર એન. એમ. કલ્યાણી દ્વારા હોસ્પિટલના ડોક્ટરો અને તેમની ટીમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### કપડવંજની તોરણા હાઇસ્કૂલના આચાર્યનું 'પ્રજ્ઞા ઋષિ એવોર્ડ'થી સન્માન કરાયું



**કપડવંજ** | કપડવંજ તાલુકાની તોરણા હાઇસ્કૂલના આચાર્ય યોગેશભાઇ પટેલને શિક્ષણ ક્ષેત્રે તેમના સવિશેષ યોગદાન બદલ 'પ્રજ્ઞા ઋષિ એવોર્ડ' આપી સન્માનિત કરવામાં આવ્યા છે. પરમાર્થ ચેરિટેબલ ટ્રસ્ટ (જોળ, આણંદ) દ્વારા અખાત્રીજના દિવસે આયોજિત 33 દીકરીઓના સમૂહ લગ્નોત્સવ પ્રસંગે મોટી સંખ્યામાં મહેમાનોની હાજરીમાં આ એવોર્ડ એનાયત થયો હતો. આ ટ્રસ્ટ દર વર્ષે શિક્ષણ જગતમાં શ્રેષ્ઠ પરિણામ અને વિશેષ પ્રદાન આપનાર આચાર્ય કે સંસ્થાની પસંદગી કરીને તેમને પ્રોત્સાહિત કરે છે. શાળામાં શ્રેષ્ઠ શિક્ષણની સાથે શિસ્ત, સંસ્કાર અને સ્વચ્છતા જેવા મૂલ્યોને પ્રોત્સાહન આપવા બદલ યોગેશભાઈની આ સિદ્ધિને બિરદાવવામાં આવી હતી.

### એસપી યુનિવર્સિટીમાં 'આઉટકમ બેઝ્ડ એજ્યુકેશન' વિષયક કાર્યશાળાનું સમાપન



**આણંદ** | એસપી યુનિવર્સિટીના IQAC અને NITTTR ભોપાલના સંયુક્ત ઉપક્રમે આયોજિત ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં શિક્ષણમાં પરિણામલક્ષી અભિગમ અને તેના પ્રયોગાત્મક પાસાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો. કુલપતિએ પોતાના અધ્યક્ષીય ઉદબોધનમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા જાળવવા અને આઉટકમ બેઝ્ડ એજ્યુકેશનના અસરકારક અમલીકરણના મહત્વ પર વિશેષ પ્રકાશ પાડ્યો હતો. આધુનિક શિક્ષણ પ્રણાલીમાં અધ્યાપકોના સતત વ્યાવસાયિક વિકાસ અને ગુણવત્તાયુક્ત પરિણામ આધારિત અભિગમ કેળવવાની આવશ્યકતા અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. અંતે પ્રોફ. કિરીટ લાડે આભારવિધિ કરી હતી.

### બાલાસિનોરમાં સતરગામ વણકર સમાજ દ્વારા પ્રથમ સમૂહ લગ્નોત્સવ સંપન્ન થયો



**બાલાસિનોર** | અખાત્રિજના પવિત્ર દિવસે નમણાર ચારણગામ ખાતે સતરગામ વણકર સમાજ દ્વારા આયોજિત પ્રથમ સમૂહ લગ્નોત્સવમાં વિવિધ ગામોના કુલ ૯ યુગલો લગ્નગ્રંથિથી જોડાયા હતા. આ નવદંપતીઓને સમાજના દાતાઓના સહયોગથી સોના-ચાંદીના આભૂષણો તેમજ ઘરવખરીની 50 જેટલી જીવન ઉપયોગી ચીજવસ્તુઓ ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવી હતી. આ આયોજનમાં મુખ્ય દાતા નાથાભાઈ ડી. વણકર દ્વારા ભોજનની અને ચતુરભાઈ માયાવંશી (માનવ સેવા ટ્રસ્ટ) દ્વારા મંડપની ભવ્ય વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી. આ ઐતિહાસિક પ્રથમ સમૂહ લગ્નોત્સવ ખૂબ જ ધામધૂમથી સફળતાપૂર્વક ઉજવાયો હતો.

### સીવીએમ યુનિવર્સિટીની આર. એન. પટેલ લો કોલેજના નૂતન ભવનનું ભવ્ય લોકાર્પણ કરાયું



**આણંદ** | વલ્લભ વિદ્યાનગર ખાતે સંતો-મહંતોના દિવ્ય સાનિધ્યમાં સીવીએમ યુનિવર્સિટી સંચાલિત 'આર. એન. પટેલ ઈપ્કોવાળા સ્કૂલ ઓફ લો એન્ડ જસ્ટિસ'ના નવનિર્મિત ભવનનું ઉદ્ઘાટન સંપન્ન થયું હતું. આ પ્રસંગે દાતા દેવાંગભાઈ પટેલે એડવોકેટ આર. એન. પટેલની જન્મ શતાબ્દી નિમિત્તે લાયબ્રેરી અપગ્રેડેશન અને શૈક્ષણિક સુવિધાઓ માટે રૂ. એક કરોડના માતબર દાનની જાહેરાત કરી હતી. યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ભીખુભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ સંસ્થા સત્ય અને ન્યાયના મૂલ્યો સાથે રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બનનારા ભાવિ કાનૂનવિદોનું ઘડતર કરશે.

### બાકરોલની સ્પેક કોલેજમાં 'ચોથા વર્ષના અભ્યાસ પ્રત્યે જાગૃતિ' સેમિનાર યોજાયો




**આણંદ** | બાકરોલ સ્થિત સ્પેક કેમ્પસની SPCAM કોલેજમાં વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ અને કારકિર્દીના માર્ગદર્શન માટે ચોથા વર્ષના અભ્યાસ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ કો-ઓર્ડિનેટર જીગેશ મહેતાએ વિદ્યાર્થીઓને કૌશલ્ય વિકાસ અને ઉત્તમ કારકિર્દીની તકો વિશે મહત્વનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કોલેજના આચાર્ય ડો. સુયોગ ઉપાસની અને ટીમ દ્વારા આયોજિત આ સેશનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને કારકિર્દી માટે યોગ્ય નિર્ણય લેવામાં મદદરૂપ થવાનો હતો. સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ અને ટ્રસ્ટી મંડળે આ સફળ આયોજન બદલ સમગ્ર ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી.

### ચારુસેટની રમણભાઈ પટેલ કોલેજ ઓફ ફાર્મસીનો 22મો વાર્ષિકોત્સવ ઉજવાયો




**આણંદ** | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન રમણભાઈ પટેલ કોલેજ ઓફ ફાર્મસી (RPCP)નો 22મો વાર્ષિકોત્સવ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન ડો. વિરાંચી શાહે ફાર્મા ક્ષેત્રે એઆઈના પ્રભાવ અને વિઝન 2047 વિશે માર્ગદર્શન આપ્યું, જ્યારે અતિથિ વિશેષ ભરતભાઈ પટેલે ફાર્માસિસ્ટની સામાજિક ભૂમિકા પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન સંસ્થાનો વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવ્યો, જેમાં વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી મેમ્બર્સની શૈક્ષણિક તથા સંશોધન ક્ષેત્રની સિદ્ધિઓ વર્ણવવામાં આવી હતી. આસમારંભમાં તેજસ્વી વિદ્યાર્થીઓ અને શ્રેષ્ઠ ફેકલ્ટી સભ્યોને એવોર્ડ એનાયત કરાયો હતો.

### સણસોલી ખાતે વિશ્વ પૃથ્વી અઠવાડીયાની ઉજવણી અને તાલીમ કાર્યક્રમ યોજાયો




**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટી, સણસોલી ખાતે ૨૨ એપ્રિલ ૨૦૨૬ના રોજ નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ યોજના હેઠળ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિશ્વ પૃથ્વી અઠવાડીયાની ઉજવણીની સાથે કૃષિ સખી અને સી.આર.પી. ખેડૂતો માટે ખાસ તાલીમ શિબિર યોજવામાં આવી હતી. તાલીમ દરમિયાન ઉપસ્થિત ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના મહત્વ અને તેના અમલીકરણ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ આયોજન દ્વારા પ્રાકૃતિક કૃષિ પદ્ધતિઓનો વ્યાપ વધારવા અને પર્યાવરણની જાળવણી કરવા માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### નાના કલોદરાની ચંચલદીપ વિદ્યાવિહારમાં 'નારી શક્તિ'નું સન્માન કાર્યક્રમ યોજાયો



**ખંભાત** | નાના કલોદરા સ્થિત ચંચલદીપ વિદ્યાવિહારમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે વિવિધ ક્ષેત્રે સફળ મહિલાઓનું સન્માન કરી પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે સપનાબેન, શિવાનીબેન, બીજલબેન અને અંકિતાબેને પોતાના સંઘર્ષની વાતો દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને પ્રેરણા જગાડી હતી. શાળાના ટ્રસ્ટીઓ અને આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓએ પણ પોતાના સપના સાકાર કરવાની હિંમત મેળવી ભવિષ્યના લક્ષ્યો નિર્ધારિત કર્યા હતા. સુપરવાઇઝર ધરતી પટેલના સફળ સંચાલન હેઠળ યોજાયો હતો.